## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

પ્રાપ્તિના રસ્તે છે પીડાનું નગર
ખૂબ વસમું છે વિસામાનું નગર.
સાવ નવરા બે વિચારો બાખડે,
ને લડી મરતું આ પડઘાનું નગર
માટી, માટીમાં ભળી જાશે તરત
દેહ શું છે ? એક ગારાનું નગર!

- રઈશ મણિયાર

### પાથેય

- રમેશ ઠક્કર

## નગર જ્યારે બોલે છે...

ચડતીપડતીની ચગડોળ માત્ર માણસને જ ઘૂમાવે છે એવું નથી..કોઈ શહેર કે નગર પણ આવી ઉથલપાથલનો સામનો કરીને બેઠું હોય છે...કોઈ જુના નગરને તમે સ્હેજ ઢંઢોળો.જરાક લાગણી બતાવો તો માણસની માફક એ પણ ખુલવા માંડે છે. પોતાની જાહોજલાલી અને વટનો વહીવંચો સંભળાવવા આતુર હોય છે..આજે અનુપમ લાગતાં નામ એક સમયે અજાણ હતાં..આજે જે નામો લોકજીભે નથી એનો એક સમયે દબદબો હતો આવું કોણ માનશે ? નગર બોલે છે.. હમણાં એક ગીત દિલ બહેલાવી ગયું 'મેરે પિયા ગયે રંગૂન..કિયા હે વહાંસે ટેલિફૂન..!' એક જમાનામાં ગુજરાતી વેપારીઓ માટે રંગૂન એ અમદાવાદ કે મુંબઈ કરતાં વધારે હાથવગું હતું ! આપણી અનેક વેપારી પેઢીઓ ત્યાં ધમધમતી..બ્ર્હ્મદેશ તો એ આજે કહેવાય છે..બાકી બર્મા તરીકે એ વખતે અહોભાવથી ઓળખાતું ! રંગૂન આજે અજાણ્યું લાગે છે...આવું જ જાવા કે સુમાત્રા માટે હતું..આપણા સાહસિકો યુવાનીમાં જ જાવા સર કરી લેતા..અને ત્યાં જ ઠરીઠામ થઈ ઈતિહાસ રચતા...એ સમયે કહેવાતું 'જાવે જે કો નર ગયો..ના'વે મંદિર માંય..!' જાવા સુમાત્રા માણસની ઓળખ બની જતાં. ગુજરાતમાં આજે જે નગરો ભૂલાતાં ગયાં છે એમની વાતો લોકગીતોમાં કે કહેવતોમાં હજુ એટલી જ જીવંત છે..પાટણના પટોળાં કે ગોંડલનાં ગોરી કે કચ્છનું રૂડું નગર અંજાર આ બધાં નગર ઈતિહાસના શ્વાસ જેવાં છે..અમારૂં રાધનપુર પણ ગજબ છે..બસ્સો વરસ પહેલાંની એક અંગ્રેજની ડાયરી મને મળી છે એમાં એની ભવ્યતા વર્ણવી છે એ સમયે આખા પંથકમાં સૌથી વધારે શરાફી પેઢીઓ રાધનપુરમાં હતી ! વાગડનું આડેસર કે આ તરફ આવેલું મોરવાડા અને થરાદનો પણ ગજબ દબદબો હતો... આજે નવાં નામો પ્રચલિત થતાં જાય છે...પંચાસર ગુજરાતની પહેલી રાજધાની ગણાય છે ! પાલનપુર કલ આજ ઔર કલ એવરગ્રીન છે ! નડિયાદ સાક્ષર નગરી હતું તો ખેડા મુખ્યમથક..ખંભાતને જાણવું હોય તો ક.મા.મુનશીને વાંચવા પડે..સુરત સોનાની મૂરત હતી ! નગર અને ગામોની તડકીછાંયડી આપણને ઈતિહાસબોધ શીખવાડે છે..ભરૂચ એક સમયે લાટપ્રદેશ હતું..વડોદરાની હાક છેક કડી અને અમરેલી સુધી વાગતી..સુરેન્દ્રનગર નવું છે પણ વઢવાણની વિરાસત હતી..મોરબી તો ખરૂં પણ વાંકાનેરનો ય વટ હતો..ભાવનગર તો ભાવસભર પણ વલભીપુર ઐતિહાસિક ધરોહર છે..લોથલ એક સમયે ધીકતું બંદર હતું..તળાજાની ટેકરી ઉપર કવિતાઓ લખાઈ છે.. મુળી બગસરા કે ધારી આ બધાં મેઘાણીની ભવ્ય કથાઓમાં જીવંત બન્યાં છે.. આ તો એક ઝલક છે..આજનાં શહેરો કોઈ ફેક્ટરી પ્રોડકટ જેવાં એક સરખા ચહેરાવાળાં જોવા મળે છે...એક સમય હતો કે દરેક નગરની આગવી ઓળખ આગવું પાદર કે પોતીકો વૈભવ હતો...દૂરથી દેખાતાં ખોરડાં, નદીકાંઠા, ડુંગરો, કે ઝાડીઓ, વચ્ચે શહેરો શોભતાં..આજે શુષ્ક સડકો અને અજગરની માફક ઉપરથી ભરડો લેતા ઓવરબ્રીજની નીચે સમસમીને બેઠેલાં શહેરોની વ્યથા કોણ સમજશે ? નગરની નવાજૂની હોય છે એમ એના ઉદભવની એના ઈતિહાસની પણ અજાયબ વાતો હોય છે...

# તરૂણ પેઢીની સુરક્ષા જરૂરી છે

**તંત્રીસ્થાનેથી...**

અમેરિકા આમ તો લેન્ડ ઓફ અપોચ્યુનિટી કહેવાય છે. આખી દુનિયા એને આર્થિક મહાસત્તા તરીકે સ્વીકારે છે અને દરેક દેશમાંથી યુવાધન કંઈક વધુ સારી જિંદગીની આશા સાથે એની તરફ દોટ મૂકતું રહ્યું. નૈતિક મૂલ્યો બાજુએ મૂકી અમેરિકાની હદમાં યેનકેન પ્રકારેણ ઘૂસી જવાની વૃત્તિ ભારત જેવા બરોજગારીથી પીડાતા દેશમાં ફાલીફૂલી છે. એનાં નકારાત્મક પરિણામો પણ જોવા મળ્યાં છે, છતાં સ્વમાન છોડીને ગેરકાયદેસર ઘૂષણખોરી કરવામાં ગુજરાતીઓ અને પંજાબીઓને કોઈ શરમ નડતી નથી. પરંતુ તકોની ખોજમાં અમેરિકા ગયેલા નવલોહિયા યુવાનોને ઓચિંતો જ કોઈ 'કોળિયો' ભટકાઈ જાય છે અને એની પાસેથી કૅશ લૂંટીને ધડાધડ ગોળીઓ છોડી ફરાર થઈ જાય છે. ચરોતર અને ઉત્તર ગુજરાતના આવા આશાસ્પદ યુવાનો અમેરિકાની ધરતીમાં ધરબાતા રહ્યા છે છતાં એના તરફની ઘેલછા અકબંધ રહી છે. હમણાં એક પ્રાથમિક શાળામાં ઘૂસી જઈ એ શ શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીએ એની પિસ્ટોલમાંથી ધડાધડ ગોળીઓ છોટીને અઢાર બાળકોનો ભોગ લઈ લીધો. ઘણા બધાને ઘાયલ કરી દીધા. પોલીસે એનું ઢીણ ઢાળી દીધું પરંતુ એથી પેલા નિર્દોષ વિદ્યાર્થીઓને કે એમના વ્યથિત પરિવારોને શું મળ્યું ? કહેવાતો પ્રગતિનો સર્વોચ્ચ ટૂંક પણ બેઠેલો દેશ એટલો અસલામત છે એનો આથી વધુ પુરાવો જરૂરી ખરો ? 'ગન કલ્ચર' એ અમેરિકાની ગૌરવવંતી ઓળખ બની ગઈ છે. નાગરિકને સ્વરક્ષા માટે હથિયાર રાખવાની ખુલ્લી છૂટ આપતાઆ દેશમાં આવી ઘટનાઓ વારંવાર બનતી રહે છે. કયારેક ડિપ્રેશનનો ભોગ બનેલો વિદ્યાર્થી એના બાપનું હથિયાર દફતરમાં છુપાવીને લઈ આવે છે અને અણગમતા શિક્ષક તથા માની લીધેલા પ્રતિસ્પર્ધી વિદ્યાર્થીઓ પર ધડાધડ ગોળીઓ ધરબી દે છે. ભારતે આ ગન કલ્ચર વાળા મહાન રાષ્ટ્રની કહેવાતી પ્રગતિ અને સંસ્કૃતિનું અનુકરણ કરવા માંડ્યું છે જેની અસર અહીંની નવી પેઢી પર સ્પષ્ટ જોઈ શકાય છે. ફક્ત આર્થિક ઝાકઝમાળથી આકર્ષાઈ ભારતના સર્વોચ્ચ નેતાઓથી લઈ ગામડાગામનો ફાટેલી ચટ્ટીવાળો ગરીબ દેવીપૂજક યુવાન અમેરિકાનાં સપનાં જોતો થઈ જાય છે. અમેરિકાને તો ભારતની એટલા માટે જરૂર છે કે એ વસતિનું કીડિયારું હોઈ એક માતબર બજાર છે. અમેરિકાને એનાં શસ્ત્રો વેચીને બારત અને ચીન વચ્ચેની ખાઈ વધુ પહોળી કરવામાં રસ છે. યુક્રેન મુદ્દે રશિયા વિરુદ્ધ હરફ નહીં ઉચ્ચારનાર ભારત સાથે અમેરિકા એની ગરજે ગાઢ સંબંધો વિકસાવવા આતુર છે. જો બાઈડને ક્વૉડ શિખર પરિષદમાં આવું નિવેદન કરીને ભારતનું મહત્ત્વ વધારી દીધું એમ લાગે, પરંતુ બીજી તરફ નીવડેલા મિત્રદેશ રશિયાએ ભારત પ્રત્યે શંકાકુશંકા જ જાગે. પોતાના દેશની તરુણ પેઢીને અવળે રસ્તે જતી નહીં અટકાવી શકતી અમેરિકન નેતાગીરી દુનિયાની જમાદારી છોડવા તૈયાર નથી. એને તો ઊભરતી મહાસત્તાઓ સામસામી લડી મરીને ખુવાર થાય એમાં જ રસ છે. વિદ્યાર્થીઓના મોત પર મગરનાં આંસુ સારીને દેશભરમાં શોક પાળીને અમેરિકા અંતે તો હાસ્યાસ્પદ જ બની રહે છે. શું એના ગનકલ્ચર પર નિયંત્રણ મેળવવામાં પણ એને નાગરિકના મૂળભૂત અધિકારોનું હનન વરતાય છે ? દયા આવે આવા દેશની.

# સ્વાસ્થ્ય એટલે રોગોની ગેરહાજરી નહિ પણ વિધાયક ઊર્જાની હાજરી - જે. કૃષ્ણમૂર્તિ




**ત્રણ ત્રણ વેળા ખાતાં માનવ**
**વધ્યાં, ધરામાં ન માતાં માનવ,**
**ખાઉં ખાઉં કરે ન ધરાતાં માનવ**
**એને કંઈ દાણો પૂરે.**

**- ઉમાશંકર જોશી**

'વૃષભાવતાર' કાવ્ય અને પ્રાથમિકમાં ભણેલા. વર્ગખંડમાં ગુરુજીએ સાભિનય ભાવવાહી ઢબે ખૂબ જ તન્મયતાથી શીખવેલું એ હજીયે યાદ છે, જો કે અમને તો પેલી પંક્તિઓ હૃદયસ્થ થઈ ગયેલી.... 'એકવાર ન્હાય, ત્રણ વાર ખાય.' - નંદી પ્રભુનો સંદેશો જે રીતે ગોખતો ગોખલો માણસ પાસે પહોંચે છે, એનું વર્ણન ગુરુજીએ જે રીતે કર્યું હતું એનાથી ખડખડાટ હસવાની ભારે મજા પડી હતી !

'બળદ' માટે 'વૃષભ' શબ્દ પ્રયોગ કરીને તેમજ ઈશ્વરના વિવિધ અવતારો સાથે પ્રયોજતા 'અવતાર' જેવા દિવ્યતા સૂચક શબ્દને જોડી વ્યાજસ્તુતિ દ્વારા હાસ્ય નિષ્પન્ન કર્યું છે. આ કાવ્યમાં સરળતા અને કાવ્યતત્વ બંને સમાન પલ્લાંની જેમ સુપેરે સહજ વણાયાં છે. કવિવર્યશ્રી ઉમાશંકર જોષી આપણી ઉત્તમ કવિની ઉત્તમ કવિતાનું સિંચન કરવા જેવું છે.

આજે માણસ ત્રણવાર નાહવાને બદલે - સખત આત્મશુદધિને બદલે આપણે સૌ નંદીના - દેહભાવના - પ્રભાવમાં 'ત્રણ વાર ખાવા' તરફ — ભોગ વિલાસ તરફ ઘસડાઈ રહ્યા છીએ. ખાન-પાનનો જમાનો આવ્યો છે, શહેરો-ગામડાં બધે જ ખાણી-પીણીની બોલબાલા વધી છે. ભોગ વધ્યા એટલે રોગ પણ વધ્યાં. આપણો દેશી આહાર વિસરાયો ને વિદેશી વ્યંજનો આપણી આહારશૈલીમાં ઉમેરાયાં... 'શું ખાવું - શું ન ખાવું એય વિવેકભાન ગુમાવી આજનો માણસ માસાંહાર તરફ વળ્યો છે!

છેલ્લા દાયકાથી તો જાહેર માર્ગો કે ઊભે બજાર માંસ, મચ્છી, ઈંડા વેચાવા લાગયાં છે. કયાંક કશો જ ક્ષોભ, સંકોચ કે છોછ જોવા મળતો નથી. સુશિક્ષિત વર્ગ પણ માંસાહારની તરફેણ કરતો થયો છે.

આદિમાનાવ કંદમૂળ, ફળ-ફુલનો આહાર કરતા.... કયારેક કપરા સંજોગોમાં કે રણ જેવી વેરાન જગ્યાએ માંસાહાર કરવો પડ્યો હોય પણ એનો મતલબ એ નથી કે રિવાજ બની જાય. આપણી નૃવંશ શાસ્ત્રીઓ અને ઈતિહાસકારોનું સત્ય સંશોધન છે કે આદિમાનવો શિકારી ન હતા પણ સ્કેવેન્જર્સ (સફાઈ કામદાર) હતા. અર્થાત્ કોઈ પ્રાણીનું મડદું પડ્યું હોય કે શિકરા થયો હોય તો ગીધ અને શિયાળની જેમ તેનો ઉપયોગ કરતા.

પૂજય પાંડુરંગ શાસ્ત્રીજીએ પોતાના પ્રવચનોમાં માંસાહાર વિશે તર્કબદ્ધ રોચક છણાવટ કરેલી.... પૂ. દાદા કહેતા, આપણે 'ખાવી-પીવું' એમ બોલીએ છીએ એનો મતલબ એ કે 'પીવાની ઢબ' 'શું ખાવું' એ નક્કી કરે છે. આપણાં શાસ્ત્રોની એ વાત જાણીતી છે કે જીભથી ચાટીને પાણી પીતાં પ્રાણીઓને કુદરતે માંસ ખાવાની છૂટ આપી છે. (અલબત્ત જાતે શિકાર કરીને, ભૂખની જરૂરિયાત મુજબ) પણ ઘૂંટડે પાણી પીતાં જીવો માટે માંસાહાર નિષેધ છે. ગાય, ભેંસ, હાથી, મનુષ્ય... ચૂસીને... ઘૂંટડે ઘૂંટડે પાણી પીવે છે માટે તે શાકાહારી છે.

શાકાહારી - માંસાહારી જીવોનું એક નિરીક્ષણ જાણવા જેવું છે; માંસાહારી જીવોની આંખોની બહાર - ઉપરથી બાજુ ગોળાકાર હોય, નખ લાંબા ને તીક્ષ્ણ હોય તેમજ કુદરતી રીતે જીભ કાઢીને લાળ ટપકાવતાં હાંફતા રહે છે જયારે શાકાહારી જીવોની આંખો બહાર - ઉપરનો દેખાવ લંબગોળ, નખ લાંબા - પહોળા હોય અને પ્રસ્વેદ - પરસેવો થાય તે તમામ જીવો શાકાહારી.

આવું નૈતિક - બૌદ્ધિક શિક્ષણ અપાય તો જીવનભર કામ આવે.

કોરોના વાયરસનું વિશ્વરુપ સૌએ નિહાળ્યું... અનુભવ્યું છે. આ અગાઉ એચઆઈવી, સાર્સ, ઝીકા... જેવા વાયરસ જીવલેણ સાબિત થયા છે. આ રોગચાળા ઉત્પન્ન થયા છે તે દેશોમાં માંસાહારનું પ્રમાણ અતિશય છે. ડુક્કર, ચામાચીડિયા, માનવ વસાહતમાં રહે છે. પણ માણસને કયાં નડતરરુપ થાય છે ? કમનસીબી તો એ છે કે આવા જીવોની કતલ કરી રુપકડી વાનગી બનાવી આરોગતો થયો... અભક્ષ્ય અને અખાદ્ય પદાર્થો ખાવા લાગ્યો અને આ પ્રાણીજન્મ વાયરસે દુનિયામાં હાહાકાર મચાવી દીધો છે કોરોના તો એક માત્ર ટ્રેલર હતું. કદાચ આખું પિકચર ભવિષ્યમાં આવશે ત્યારે શું થશે? કોરોના જેવા વાયરસ થકી કુદરતે લાલ આંખ દેખાડી પણ પોતાનો બુદ્ધિશાળી સમજનારો માણસ હજીયે બેવકૂફી તરફ ઢળેલો જ છે. વ્યસની જાણે છે કે ઝેર છે છતાં વ્યસન કયાં છોડે છે. જ્ઞાની-અજ્ઞાની બધા જ એક પંગતે બેઠા છે... બદલાતા પર્યાવરણના સંકેતો - કુદરતના ઈશારા આ દંભી માનવજાતને કયારે સમજાશે ?!

**સ્પર્શમણિ :**

સ્વાસ્થ્ય એટલે રોગોની ગેરહાજરી નહિ પણ વિધાયક ઊર્જાની હાજરી.

- જે. કૃષ્ણમૂર્તિ

●●●

દયાનો કોઈ ધર્મ નથી.

ધર્મ સાંકળા પાટા જેવો છે પણ યા એ ખુલ્લા આકાશ જેવી છે.

●●●

માણસના કાવતરાં સામે કુદરતની કાતર હંમેશાં મોટી હોય છે.

-rasikvaland1965@gmail.com
Mo. 9913426949

### દિન મહિમા

- ૨૦૧૪માં ભારતના ૧૫માં વડાપ્રધાન તરીકે નરેન્દ્ર મોદીએ પદભાર સંભાળ્યો.
- હરિવલ્લભ ભાયાણીનો જન્મદિવસ, ગુજરાતી સાહિત્યકાર

### આજનું ઔષધ

- બીજોરુનો મુરબ્બો સમગ્ર પાચનતંત્ર અને હૃદય માટે હિતાવહ છે.

### ખડખડાટ

- આ હવામાન વિભાગવાળા કેય સે કે 'સમુદ્રી વાવાઝોડું આવવાનું સે' દર વખતે દ્વારકા કે સોમનાથના તટેથી અડીને પાસુ વયું જાય છે. આ વખતે તો ઈ નો આવે ને તો હોડકું લઈને ઈની સામે જાવું હે બૈકી આ રોજ રોજની માથાકૂત હવે નો જોઈ.

### આજનો વોટ્સએપ

- પોતાના પર વિશ્વાસ હોય તો બધું જ મેળવી શકાય છે. પક્ષી પાસે કયાં રસ્તા હોય છે છતાંય રસ્તા શોધી લે છે.

# અંદરખાનેથી મને ચટપટી થતી હતી કે કાં તો હું બરાબર સમજ્યો નથી કાં તો નાણાવટી સાહેબ!




સાંજના સાડા સાત વાગી ગયા હતા પણ નાણાવટીસાહેબનો પત્તો નહોતો. મને નવાઈ લાગતી હતી કે રોજ સાતનાં ટકોરે આવીને ''મહેતાસાહેબ, ચાલો, નથી આવવું ચાલવા?''ની બૂમ નિયમિતપણે પાડનાર નાણાવટીસાહેબ આજ દેખાયા કેમ નહીં!

મને લાગે છે કે ગ્રેહામ બેલ પણ આવી પરિસ્થિતિઓમાંથી પસાર થયા હશે એટલે જ એમણે ''જરૂરિયાત એ આવિષ્કારની જનની છે'' એ ન્યાયે ટેલીફોનની શોધ કરી હશે! મેં પણ નાણાવટીસાહેબને ફોન લગાડ્યો. સામેથી ઉતાવળિયો, રઘવાયો અવાજ સંભળાયો, ''હં....બોલો..'' હું જરાક થોથવાયો તો ખરો પણ પછી મેં કહ્યું, ''હા નાણાવટીસાહેબ, ફોન મેં એટલે કર્યો કે ...આપણે ચાલવા નથી જવાનું આજે?''

એમણે એકાક્ષરી જવાબ આપ્યો, ''ના.'' મેં પૂછ્યું, ''કેમ?'' એમણે સ્પષ્ટ જવાબ આપ્યો, ''આ કે. એલ. રાહુલ આઉટ ના થઈ જાય ને એટલે!'' હવે હું ખરેખર મૂંઝાયો! મને લાગ્યું કે એ મારો પ્રશ્ન સમજ્યા નથી. એટલે મેં કહ્યું, ''સાહેબ, હું એમ પૂછું છું કે આજે રોજની જેમ આપણે ચાલવા જઈશું કે નહીં?''

એમના અવાજમાં થોડી અકળામણ આવી ગઈ, ''ભ'ઈ, મને એક વારમાં સંભળાય પણ છે ને સમજાય પણ છે! તમે યાર, કે. એલ. રાહુલને આઉટ કરાવીને રહેશો!'' વાતની ગંભીરતા પારખીને મેં ચૂપ રહેવાનું મુનાસિબ માન્યું અને ''સોરી'' કહીને ફોન મૂક્યો પણ અંદરખાનેથી મને ચટપટી થતી હતી કે કાં તો હું બરાબર સમજ્યો નથી કાં તો નાણાવટીસાહેબ!

એટલે વાતનો તાગ મેળવવા થોડાક સંકોચ સાથે પણ મેં એમના ઘર તરફ ડગ માંડ્યાં. એમનું ઘર મારી ગલીની પાછળની જ ગલીમાં હતું એટલે પાંચેક મિનિટમાં હું એમના ઘર આગળ પહોંચી ગયો. પણ નજીક પહોંચતાં તો મને થયું કે નક્કી કાં તો ઘરમાં આગ લાગી છે અથવા કોઈક ભુવા-બાપજીને બોલાવ્યા છે! ઘરમાંથી આછા-આછા ધુમાડા બહાર આવતા હતા!

વધુ નજીક પહોંચીને લાગ્યું કે કદાચ કોઈક યજ્ઞ કે હવન પણ હોઈ શકે! કારણકે ઘરમાંથી આવતી ધૂમ્રસેર સુગંધિત હતી! નાણાવટીસાહેબ મારા બહુ સારા મિત્ર એટલે એમના ઘરમાં નાનકડી દિવાસળી પેટાવાય તો પણ મને ખબર હોય અને મારી જાણ આ બહાર મોટો હવન યોજાઈ ગયો! આમ વિચારતો હું એમના ઘરમાં પ્રવેશ્યો.

એમના ઘરના ડ્રોઈંગરૂમમાં એમના પરિવાર સાથે બેસીને એ ટી.વી. પર આવતી લાઈવ ક્રિકેટ મેચ માણી રહ્યા હતા. વચમાં ઘણી-બધી અગરબત્તીઓ સુગંધ પ્રસરાવી રહી હતી. મને જોઈને નાણાવટીસાહેબ બોલી ઉઠ્યા, ''અરે, આવો, આવો, મહેતાસાહેબ, તમે ક્યાંથી?'' અને અર્ધા ઊભા પણ થવા ગયા પણ પછી તરત જ બેસી ગયા!

મેં કહ્યું, ''હું તો ઘરેથી જ આવ્યો પણ તમારી કે. એલ. રાહુલવાળી વાત સમજાઈ નહીં એટલે અહીં સુધી આવ્યો!'' એ બોલ્યા, ''બેસો, બેસો....અરેરે, રાહુલ આઉટ થતાં રહી ગયો! સારું થયું, હું અર્ધો જ ઊભો થયો હતો!'' હું બેઠો તો ખરો પણ મારું આશ્ચર્ય હજી શમતું નહોતું! મેં કહ્યું, ''નાણાવટીસાહેબ, તમારા ઊભા થવાને અને કે. એલ. રાહુલના આઉટ થવાને શું સંબંધ છે?''

એમણે મારી આગળ રહસ્ય ખોલ્યું, ''એ જ છે ને ત્યારે! હું આ જગ્યાએ જ્યાં સુધી બેસી રહીશ ત્યાં સુધી કે. એલ. રાહુલ આઉટ નહીં થાય! એટલે તો હું દોઢ કલાકથી અહીંથી ઉઠ્યો નથી, તમે માનશો?'' મેં કહ્યું, ''હું માનીશ પણ એને ખબર છે તમે અહીં ટી.વી. પર એને જોઈ રહ્યા છો?'' એ છેડાઈ ગયા, ''એને તો ક્યાંથી ખબર હોય? પણ એટલે મારે એને એના હાલ પર છોડી ના દેવાય ને!''

મેં કહ્યું, ''નાણાવટીસાહેબ, ભારતની સવા અબજની જનતા જો આવું વિચારે તો તમે વિચારો, કે. એલ. રાહુલનું શું થાય! અને એવા બીજા ક્રિકેટર્સ માટે પણ એ જ લાગુ પડે ને!'' એ ચૂપ રહ્યા પણ મારી વાત એમને ગળે ઉતરી હોય એવું લાગ્યું નહીં!

મેં પૂછ્યું, ''અને આ અગરબત્તીઓ શેની છે? ઘરમાં કોઈ પૂજા રાખી છે?'' એ મને કહે, ''જવા દો, આમાં પણ તમને અંધશ્રદ્ધા દેખાશે! સામી ટીમનો ક્રિકેટર આઉટ થાય એટલે એના નામ ઉપર ભગવાનને એક અગરબત્તી કરવાની!'' મને હસવું આવી ગયું, ''તો ભગવાન આગળ એક ક્રિકેટરની કિંમત એક અગરબત્તી રાખી છે!'' હવે એ જરા બગડ્યા, ''તમે યાર, સત્યશોધક સમિતિવાળા છો કે લાંચરૂશ્વત વિરોધી ખાતામાંથી? લોકોની ભાવનાઓની કદર કરો જરા!'' વાતાવરણ હળવું કરવાના આશયથી મેં કહ્યું, ''ભાવના પણ મને આવું ઘણી વાર કહે છે -કદર કરવાનું!'' પણ એ હસ્યા નહીં! ધીમેથી બોલ્યા, ''આવી સસ્તી જોક કરીને તમે પોતાને તો ઠીક, પણ ભાવનાભાભીને પણ નીચાં દેખાડી રહ્યા છો! હવે થોડી વાર બેસો, મેચ પતવામાં જ છે.''

હું ચૂપચાપ એમની વાત માનતો રહ્યો અને મેચ ''માણતો'' રહ્યો! એમ તો વચ્ચે-વચ્ચે બે'ક વાર મેં એમને પૂછ્યું પણ ખરું કે અગરબત્તી ખલાસ થવામાં હોય તો ગલીના નાકે આવેલી કરિયાણાની દુકાનેથી લઈ આવું પણ એમાં પણ એમને કટાક્ષ દેખાયો હોવ એવા ભાવ એમના ચહેરા ઉપર તરી આવ્યા એટલે મેં વધુ બોલવાનું માંડી વાળ્યું!

છેવટે મેચ પતી અને એમની ફેવરિટ ટીમ જીતી એટલે એ બહુ ખુશ હતા. મને આગ્રહ કર્યો, ''આજ તો તમારું અહીં જ જમવાનું રાખી દઈએ. ભાવનાભાભી અને બાળકોને પણ ફોન કરીને બોલાવી લઈએ.'' મેં વિવેક કર્યો, ''ના, ના, મારા ઘરે રસોઈ થઈ ગઈ હશે.'' તો મને કહે, ''એ ગાય-કૂતરાં ખાશે! એક દિવસ એમને પણ જલસા! તમે યાર, અહીં જ જમો. આમે ય કાલે સેમી-ફાઈનલ છે. અને ગયા વર્ષે સેમી-ફાઈનલના આગલા દિવસે મેં રસ્તામાં એક બળદને ઘાસ નાખ્યું હતું તે પછી બીજા દિવસે મારી ટીમ જીતી ગઈ હતી!'' હું હસવું કે ગુસ્સે થવું એ નક્કી ન કરી શક્યો!

એ સમજી ગયા એટલે મને હસતાં-હસતાં કહે, ''ખોટું નહીં લગાડવાનું મહેતાજી! તમને તો દૂધપાક ખવડાવીશું! લતા, બનાવી નાખો મહેતાસાહેબને! આઈ મીન, બનાવી આપો મહેતાસાહેબને દૂધપાક!'' મને થયું કે આનંદના અતિરેકમાં નાણાવટીસાહેબ હવે ભાન ભૂલી રહ્યા છે! પણ લતાભાભીએ વીલે મોંઢે જાહેર કર્યું, ''હું સવારે દૂધ લેવા જતી હતી ત્યાં બિલાડી આડી ઉતરી એટલે પાછી ફરી ગઈ!'' મેં મજાક કરી, ''એટલે બિલાડી પાછી ફરી ગઈ કે તમે?'' હવે લતાભાભી પણ બગડયાં, ''શું તમે ય, ભ'ઈ? બિલાડીને થોડી ખબર હોય કે માણસ આડું ઉતરે તો શુકન થાય કે અપશુકન?'' હું હસી પડ્યો, ''હા ભાભી, ઈશ્વરે સર્જેલાં તમામ પ્રાણીઓ એની મરજી મુજબ જ કાર્ય કરે છે અને ઘટનાઓ પણ એની મરજી મુજબ જ ગોઠવાયેલી હોય છે, પણ એ આપણે સમજી શકતાં નથી.'' પણ લતાભાભી સાંજનું જમવાનું શું બનાવવું એના અને નાણાવટીસાહેબ આવતી કાલની મેચમાં કોણ-કોણ રમશે અને કેટલી વાર સુધી એમને ઊભા થવાનું નથી એના વિચારમાં હતા ત્યાં મેં હળવેકથી વિદાય લઈ લીધી!

# સરસર સરકતી રેત જોઈ વિચાર આવ્યો, કેટલી જિંદગી સરકી ગઈ




સરકારે પેટ્રોલ અને રાંધણ ગેસના બાટલાના ભાવ ઘટાડ્યા એ જાણીને ચિરાગભાઈને આનંદ થયો. એમણે તરત જ આ ખબર એમના પિતા ચમનલાલ અને પુત્ર ચિન્ટુને આપી. ચમનલાલે એમની ટેવ પ્રમાણે સળી વડે દાંત ખોતરતા કહી દીધું, ''ચાલો થોડાક રૂપિયા બચી જશે, દર મહિને એ બચી ગયેલા રૂપિયાની બચત કરજો.'

દાદાની વાત સાંભળી તરત જ મોબાઈલમાંથી મોઢું કાઢતો ચિન્ટુ બોલ્યો, ''વૉટ રબ્બીસ! એટલા રૂપિયામાં વળી શું બચત કરી લેવાના? પપ્પા એના કરતાં એ બચેલા રૂપિયામાંથી આપણે એક મસ્ત પિઝા ઓર્ડર કરીશું કે પછી એક આઈસ્ક્રીમ પાર્ટી ગોઠવી નાંખીશું.'

''હજી તો રૂપિયા હાથમાં આવ્યા પણ નથી અને એ પહેલાં જ એને ક્યાં ઉડાડી મૂકવા એનું આયોજન થઈ ગયું. હું તને કહી દઉં છું ચિરાગ તારો આ ચિન્ટુ રૂપિયાનું મહત્વ જરાય નથી સમજતો. તું અત્યારથી ધ્યાન નહીં આપે ને તો એ તને પાછલી અવસ્થાએ રોવડાવશે.'

''તમે તો રહેવા જ દો હોં દાદા અમારી પેઢીને રૂપિયા ખર્ચતા અને કમાતા બંને આવડે છે. તમારા લોકોની જેમ નહીં કે આખું જીવન નકરી કરકસર ને કંજુસાઈ જ કરીએ. અમારો ફંડા ક્લીઅર છે, આખું અઠવાડિયું તન તોડીને કામ કરો અને એટલું કમાઈ લો કે રવિવારે ફેમીલી સાથે થીયેટરમાં ફિલ્મ જોવા જઈ શકો અને પિઝા ખાઈ શકો.'

''એટલે જે કમાઓ એ બધું વેડફી નાંખો અને પછી કોઈ વાર અચાનક રૂપિયાની જરૂર પડી જાય ત્યારે ઠન ઠન પાલ!'

''એવું નથી હો દાદા, અમારી પાસે એક નિશ્ચિત રકમ બચાવીને રાખેલી હોય છે. અમે શેરબજારમાં રોકાણ કરીએ છીએ, અચાનક આવી જતી બીમારીને પહોંચી વળાય એ માટેની પોલિસી લીધી છે, અરે મેં તો અત્યારથી મારો ટર્મ પ્લાન પણ લઈ રાખ્યો છે. જવાદો ને યાર તમને એ બધું એ નહીં સમજાય." ચિન્ટુ તો આટલું કહીને બહાર નીકળી ગયો અને ચિરાગભાઈએ હંમેશની જેમ કલાક સુધી એમના પપ્પાની હૈયાવરાળ સાંભળવી પડી.

ઉપર જે સંવાદ થયાં એ નવા નથી. આજકાલ કદાચ દરેક ઘરમાં આવું સાંભળવા મળતું હશે. ચમનલાલ અને ચિન્ટુ એ બંને પોતપોતાની રીતે સાચા હોઈ શકે છે પણ એમની દલીલો વચ્ચે ફસાઈ જાય છે બિચારા ચિરાગભાઈ. એ શું કહે અને કોને સમજાવે? દીકરાને કંઈ કહી શકાતું નથી અને બાપાની આગળ જીભ લાંબી કરવાની ટેવ નથી, એમના ભાગે તો દરેક વખતે દાદા અને પૌત્ર વચ્ચે સેન્ડવીચ બનવાનું જ આવે છે.

આજે જે લોકો ચમનલાલ એટલે કે દાદાજીની ઉંમરે પહોંચ્યા છે એ એમના જીવનમાં ખૂબ સંઘર્ષ કરીને આગળ આવ્યા છે. એક એક રૂપિયો બચાવી એમણે ઘર ચલવ્યું છે. પાઈ પાઈનો હિસાબ રાખવાની એમને આદત પડી ગઈ છે. એમને નથી ખબર કે થિયેટરમાં ફિલ્મ જોવા જાઓ ત્યારે ત્યાં પોપકોર્નની એક બાલદી કેટલામાં પડે છે. એમના જમાનામાં તો ઘરેથી ડબ્બામાં થેપલા કે પૂરી લઈને ફિલ્મ જોવા જવાનું ચલણમાં હતું. એમને નથી ખબર કે ફેશિયલ કેટલામાં કરાવાય છે કારણકે રૂપાળા દેખાવા માટે એમની પાસે ઘરગથ્થુ ઉપાયો હતા. મોંઘા સૌંદર્ય પ્રસાધનો ખરીદવાની એમની શક્તિ પણ નહોતી અને મરજી પણ નહોતી. માથામાં જ્યારે વાળ ભીના હોય ત્યારે જ સહેજ કાચું તેલ હાથમાં લઈ વાળમાં ફેરવીને કોપરેલનો ખર્ચો બચાવી લેવાતો હોય ત્યાં તમે કહો કે માથાના વાળમાં સ્ટાઈલ કરવા માટે જેલ લગાડવી પડે અને શેમ્પૂ કર્યા બાદ કન્ડીશનર લગાડવું પડે તો એ તમને મૂરખ જ કહેવાના.

સામે છેડે ચિન્ટુ જેવા નવયુવાનને જુઓ. એને ખબર છે કે રૂપિયા કેમના કમાવા. એની પાસે ઈન્ટરનેટ છે, સારું શિક્ષણ છે, મદદ કરી શકે એવા વડીલો ઘરમાં છે, મિત્રો છે ત્યારે એ થોડીક બુધ્ધિ વાપરી આરામથી સારી રીતે જીવી શકાય એટલું કમાઈ જ લેવાનો. એના જીવનમાં સંઘર્ષ નથી એવું નથી પણ એનો પ્રકાર જુદો છે. આજ સુધી કરકસર કે કંજુસાઈ કરીને એના પપ્પા અને દાદાએ જે ભેગું કરી રાખ્યું છે એ બધું એને એમ જ વારસામાં મળી જવાનું છે એણે એ પડાવથી આગળ વધવાનું છે. આવા સંજોગોમાં એ જીવનને માણવાની વાત કરે તો એ સાવ ખોટો નથી.

દાદા સાચા, એમનો પૌત્ર પણ સાચો ત્યારે ખોટા કોણ, ચિરાગભાઈ? ના, એ ખોટા નથી પણ બરાબરના સલવાયેલા છે! એમણે એમના જીવનમાં એમના બાપાનો સંઘર્ષ જોયો છે. એમણે જાતે પણ ઘણું વેઠ્યું છે અને ક્યાંક મનમાં ગાંઠ વાળી છે કે જે કઠિન પરિસ્થિતિમાંથી એમને પસાર થવું પડ્યું એ એમના સંતાનોના જીવનમાં નહીં આવે. આ સલવાયેલ પેઢીના ચિરાગભાઈ એટલે આપણે, અત્યારની પેઢીના માવતર.

આપણે કેટલું જોઈ નાખ્યું, અનુભવી લીધું એ વિચારીને પણ મજા આવી જાય છે. આપણે ભાડાના ઘરમાં રહેવાની મજા અને લોનના હપ્તા ભરીને ખરીદેલું પહેલું ઘર બંને જોયા છે. આપણે એટલે 'લાઈફબોય હે જહાં તંદુરસ્તી હૈ વહા' એવું ગાતા ગાતા સાબુની ગોટી વડે વાળ પણ ધોઈ નાંખતી અને છેલ્લી બચેલી સાબુની પતરીને બીજા સાબુ પર ચોંટાડી એનેય વાપરી લેતી પ્રજા. આજે હવે આપણા ઘરોમાં લાઈફબોય નથી આવતો, ઘરમાં ચાર જણા હોય તો દરેકને માટે અલગ સાબુ, શેમ્પૂ લવાય છે અને આપણે એનો વિરોધ નથી કરતાં. ક્યાંક મનમાં જરૂર થાય કે, બાપ રે! કેટલાં બધાં રૂપિયા વેડફાઈ જાય છે અને પછી તરત જ થાય જમાનો બદલાયો છે એની સાથે ચાલવા આટલું કરવું પડે. આપણે બચત નથી કરવી એવું નથી પણ આપણા બાપા અને આપણાં સંતાનો વચ્ચે કોની વાત માનવી કે કોની ના માનવી એ નક્કી કરવું મુશ્કેલ બનતું જાય છે.

ઘરમાં જેવી બચત કરવાની વાત કહેવાય કે તરત જ યુવા પેઢી સલાહ આપશે, ''પપ્પા ફલાણી કંપનીમાં ઈન્વેસ્ટ કરો વરસમાં ડબલ થઈ જશે.' વરસમાં ડબલ થઈ જશે એવું સાંભળી સારું તો લાગે પણ તરત જ બીક પણ લાગે છે, નાણાં ડૂબી જવાની. એ બીકમાં વધારો કરતા પાછા આપણાં બાપા તરત ટાપસી પૂરશે, ''શેર બજારની કમાણી, શેર બજારમાં શમાણી. જે બે પૈસા બચાવ્યા હોય એની એફ.ડી. કરાવી લે કાંતો સોનું ખરીદી લે. જરૂર પડે તરત હાથ લાગે. આપણે બાપાની વાત સાથે એગ્રી થવાનું વિચારતા જ હોઈએ કે તરત યુવાપેઢી કહેશે, ''અક્કલ ના હોય એ જ ફિક્સ ડિપોઝિટમાં નાણાં રોકે. એના કરતાં તો મ્યુચ્યુઅલ ફંડ લઈ લો ફાયદામાં રહેશો.'

આમ જ ફરી પાછી દાદા અને પૌત્ર વચ્ચેની તકરાર ચાલું થઈ જાય અને છેલ્લે સાંભળવાનું પાછું આપણે જ માથે આવે.

**અમસ્તું,**

જેણે પહેલાં દસ પૈસામાં અને હવે ગૂગલ પે કરીને બરફનો ગોળો ચુસ્યો છે એને સલાહની નહીં, સહકારની જરૂર છે!

@KapadiaNiyati